પ્રણામ ગાંધીનગર.... સલામ ગાંધીનગર....

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૩ | ૨ ઓગષ્ટ, ૨૦૧૩, શુક્રવાર; અષાઢ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે ગાંધીનગરનો જન્મદિવસ

## શહેરના ૪૯મા જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણ, રક્તદાન શિબિર, જનજાગૃતિ રેલી સહીતના વિવિધ કાર્યક્રમો : કેક કાપીને બર્થ ડે ઉજવાશે : સફાઈ માટે ત્રણ સ્વીપીંગ મશીનનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧

ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતુ ગાંધીનગરે વિકાસની હરણફાળ સાથે હાઈટેક સીટી બનવા તરફ ગતિ કરી છે. ગાંધીનગરનો આજે ૪૯મો જન્મદિવસ છે. કર્મચારીનગરનો અસલ મિજાજ ધરાવતા શહેરમાં કોર્પોરેટર અને કલ્ચરલ મોડ એક્ટીવ થતા સાડા ચાર દાયકાથી વધુ સમયના અંતે નગરની ઓળખમાં નવા છોગા ઉમેરાયા છે. વહીવટી અને રાજકીય ગતિવિધિઓથી ધમધમતા પાટનગરમાં વસ્તી વસતીની સાથે વિકાસના અનેકવિધ આયામોને લઈ અનોખો ધમધમાટ જોવા મળે છે. બીજીતરફ શહેરના સ્થાપના કાળથી લઈ જોડાયેલા જટીલ પ્રશ્નો પૈકી ઘણાખરા હાલની સ્થિતિએ પણ ઉકેલની દીશા શોધી રહ્યા છે. ગ્રીનસીટીને ક્લીનસીટી બનાવવાનું સ્વપ્ન હજુ સાકાર થયું નથી. જ્યારે સોલારસીટી બનાવવાના શમણાંઓ ફળિભૂત કરવાના પગરણ મંડાઈ ચૂક્યા છે. સેક્ટરોની શેરીઓ અને ચોકઠાઓમાં સિમિત શહેરીજન જીવનમાં હવે આધુનિક શહેર જેવો ધમધમાટ પ્રવર્ત્યો છે. ત્યારે શહેરના સ્થાપના દિનના ઓવારણા લેવા સૌ ઉત્સુક બન્યા છે. ગાંધીનગરના ૪૯મા જન્મદિવસ નિમિત્તે શહેરમાં વિવિધ બેઠકાણે કેક કાપીને ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉપરાંત વૃક્ષારોપણ, રક્તદાન શિબિર તેમજ પર્યાવરણ બચાવો રેલીનુ પણ આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અન્વયે ત્રણ નવા સ્વીપર મશીનનું પણ લોકાર્પણ કરવામાં આવનાર છે.

શહેરના જન્મદિવસ નિમિત્તે શહેર વસાહત મહામંડળ તેમજ થર્મલ પાવર સ્ટેશન દ્વારા જી.ઈ.બી. વિશ્રામગૃહ ખાતે સવારે ૯.૩૦ કલાકે શહેરની પ્રથમ ઈમારતની તક્તિનું પૂજન તેમજ દિપપ્રાગટ્ય યોજવામાં આવનાર છે. ત્યારબાદ કેક કાપીને શહેરના ૪૯મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. આ દરમિયાન વૃક્ષારોપણ પણ કરાશે. જેના અંતે થર્મલ પાવર સ્ટેશનથી કડી યુનિવર્સિટી સુધી સ્કૂટર રેલી પણ યોજાશે. જેમાં વિદ્યાર્થીઓ અને ટ્રાફીક બ્રિગેડના જવાનો પર્યાવરણ બચાવો અને ટ્રાફિક નિયમન અંગેના બેનર્સ લઈ લોકજાગૃતિ કેળવવા પ્રયાસ હાથ ધરશે. બીજી તરફ મહાનગરપાલિકા દ્વારા પણ શહેરના સ્થાપના દિન નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. શહેરમાં સ્વચ્છતા અભિયાનને વેગ આપવા ત્રણ ટ્રક માઉન્ટેડ રોડ સ્વીપરનું લોકાર્પણ કરવામાં આવશે. રૂ. ૧.૯૨ કરોડના ખર્ચે આ ત્રણ સ્વીપીંગ મશીન સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખરીદવામાં આવ્યા છે. આ ઉપરાંત કોર્પોરેશન કક્ષાએથી જી.ઈ.બી. ખાતેના સ્લમ વિસ્તારમાં નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વચ્છતા આરોગ્ય અને પર્યાવરણ અંગે જનજાગૃતિ કેળવવા પ્રાથમિક શાળાના બાળકોની સાયકલ રેલી યોજાશે. વિધાનસભાથી મહાત્મામંદિર સુધી રેલી યોજાશે. જ્યારે સે. ૨ અને સે. ૨૯ અર્બન હેલ્થ સેન્ટર ખાતે વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવશે. સે. ૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે કાર્યક્રમ યોજવામાં આવશે. જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે રોટરી ક્લબ દ્વારા પણ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે રક્તદાન સિબિર યોજવામાં આવશે જ્યારે હાઈપ્રોફાઈલ ઈન્ફોસીટી સંકુલમાં બપોરે ૧૨.૩૯ કલાકે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવશે. વનશ્રી ટ્રસ્ટ દ્વારા પણ વૃક્ષારોપણ કરવામાં આવશે.

# આજે માનવ સાંકળ

## કોંગ્રેસ શહેરના પ્રશ્નો અંગે માનવ સાંકળ રચી પ્લેકાર્ડ દર્શાવશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના જન્મદિવસની ઉજવણી શહેર કોંગ્રેસ સમિતિ અને મહાનગરપાલિકા કોંગ્રેસ પક્ષ દ્વારા આજે કોર્પોરેશન ખાતે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કોંગ્રેસના શ્રી ચીમન વિઝુંડા, શ્રી હર્ષજીત પંડયા, શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, શ્રી જીતુ રાયકા, શ્રી પ્રવિણ પટેલ, શ્રીમતિ પીન્કી પટેલ, શ્રીમતિ ભાવનાબા વાઘેલા એ આજે જણાવ્યું છે કે કોર્પોરેશન ખાતે કેક કાપી અને જન્મદિવસની ઉજવણી કરાશે જયારે કોર્પોરેશનના મુખ્ય પ્રવેશદ્વારથી કમિશનરશ્રીની કચેરી સુધી માનવસાંકળ રચી અને શહેરના પ્રશ્નો તેમજ કોર્પોરેશનને સત્તા સોંપવાની માંગણી કરતા પ્લેકાર્ડ પ્રદર્શિત કરવામાં આવશે.

# આરોગ્ય તંત્રની ચાર બિલ્ડરોને નોટીસ

## ૨૪ કલાકમાં પગલાં નહિ લેવાય તો સાઈટ સીલીંગની કાર્યવાહી થશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર નજીક આવેલ સરગાસણ ખાતેની ચાર કન્સ્ટ્રકશન સાઈટો પરથી આજે મોટી સંખ્યામાં વાહક જન્ય રોગચાળો ફેલાવતા મચ્છરોના બ્રીડીંગ મળી આવતાં જિલ્લા તંત્ર એ બિલ્ડરોને નોટીસ ફટકારી છે.

ગાંધીનગરમાં વાહક જન્ય રોગચાળો, પાણી જન્ય રોગચાળો તેમજ વાઈરસના દર્દીઓ છેલ્લા થોડાક સમયથી વધી રહ્યા છે ત્યારે હરકતમાં આવેલા તંત્રએ હવે આ સ્થિતિને લઈ આકરા પગલાં ભરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર જિલ્લામાં મેલેરિયાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે તંત્ર એ એક પખવાડિયા પહેલાં કન્સ્ટ્રકશન સાઈટોની મુલાકાત લઈ અને દરેક બિલ્ડરોને એન્ટી લારવેલની કામગીરી કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ આપી હતી. આ પછી જરૂર પડયે લેખિતમાં જાણકારી આપતા પત્રો પણ લખ્યા હતા.

આજે તંત્ર એ લીધેલી મુલાકાત દરમિયાન સરગાસણની ચાર કન્સ્ટ્રકશન સાઈટો પરથી વ્યાપક પ્રમાણમાં મચ્છરોના બ્રીડીંગ મળી આવતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠયા હતા. એક બે કન્સ્ટ્રકશન સાઈટ પર તો આ બ્રીડીંગમાં ડેનગ્યુના મચ્છરોના બ્રીડીંગની સંખ્યા જોઈ અધિકારીઓ હેબતાઈ ગયા હતા.

તંત્રના અધિકારીઓએ આ પછી તુરત જ દેવાનંદ સમીટ, શ્રી શરણમ્, સ્થાપન-૨ અને નોર્થ સ્ટાર-ટેક્ષરીચ કન્સ્ટ્રકશન સાઈટના સંચાલકોને નોટીસ આપવાનો નિર્ણય કર્યો છે. આ નોટીસની બજવણી પણ કરી દેવામાં આવી છે.

જો ૨૪ કલાકમાં બિલ્ડરો દ્વારા આ અંગેના પગલાં નહિ લેવામાં આવે તો બિલ્ડીંગની કન્સ્ટ્રકશન સાઈટ સીલ કરવા સુધીની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પુરબહારમાં ચાલતી કન્સ્ટ્રકશન સાઈટો પર તંત્ર એ પહેલીવાર શરૂઆતથી જ ઘોંસ બોલાવી છે. સરકારી તંત્રની સાઈટ પર પણ નોટીસ આપવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. આજે જિલ્લા કલેકટરશ્રી એ પણ પરિસ્થિતિની સમીક્ષા કરી તંત્રને કડક હાથે કામ લેવા માટેના સ્પષ્ટ સંકેત આપ્યા હતા.

# લવારપુર પાસે માર્ગ અકસ્માત : ૩ના મોત

## રાજસ્થાનથી પુના જઈ રહેલા ત્રણ વેપારીઓ મોતને ભેટ્યા : અજાણ્યા વાહનની ટક્કરે તેમની કારનો કૂરચો બોલી ગયો : કટર વડે ગાડીનો દરવાજો કાપીને મૃતદેહો બહાર કઢાયા

ગાંધીનગર, તા. ૧

રાજસ્થાનથી વેપારના કામે પુના એક ગાડીમાં જઈ રહેલા ત્રણ વેપારીઓને ગાંધીનગર નજીક પ્રાંતિયા-લવારપુર માર્ગ પર મધરાત્રે ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. કોઈ અજાણ્યા વાહને તેમની ગાડીને અડફેટે લઈ લેતા ગાડીનો કૂરતો બોલી ગયો હતો અને ત્રણેયના સ્થળ પર જ કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા હતા. ડભોડા પોલીસે સ્થળ પર પહોંચી કટરની મદદથી ગાડીના દરવાજા કાપીને અઢી કલાકની જહેમત બાદ મૃતદેહો બહાર કાઢ્યા હતા અને પોસ્ટમોર્ટમ માટે લઈ જઈ અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી ડભોડા પોલીસે તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યો છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

રાજસ્થાનના પાલી તાલુકા વિસ્તારમાં રહેતા અને ટાયર-ટ્યુબમાં વપરાતા આવતા કેમીકલનો વેપાર કરતાં ૨૪ વર્ષિય પરણિત વેપારી દિનેશ ભેરૂરામજી માલી તેના જ તાલુકા વિસ્તારમાં રહેતા બે સેલ્સમેનો ૩૨ વર્ષિય કોમલસિંગ ગોવિંદસિંગ ચારણ અને ૩૫ વર્ષિય ઈન્દ્રસિંહ ખુશાલસિંગ પુરોહીત સાથે તેની ઈટીયોસ ગાડી નં. આર.જે.-૧૯-સી.સી.-૬૩૬૯ લઈને પુના જવા વેપારના કામે નિકળ્યા હતા. ત્રણેય મિત્રો રાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં હિંમતનગર-નરોડા હાઈવે પર પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન પ્રાંતિયા-લવારપુર માર્ગ લવારપુર ગામની સીમમાં કોઈ અજાણઅયા વાહને તેમની કારને ભયાનક રીતે ટક્કર મારી હતી. જેને પગલે કારનો બોકડો બોલી ઉઠ્યો હતો. કારમાં સવાર ત્રણેય વેપારી યુવાનોના સ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. ડભોડા પીએસઆઈ એસ.પી. વાઘેલાને આ ઘટનાની જાણ થતા સ્થળ પર દોડી આવ્યા હતા અને અઢી કલાકની જહેમતે ગેસ કટરથી ગાડીના દરવાજા કાપીને ફસાઈ ગયેલા ત્રણેય મૃતદેહો બહાર કાઢ્યા હતા.

**ઘરે બેઠા કમાઓ**

અનુભવ વગર ઘરેથી કામ કરો

મો. : ૯૫૩૭૮૫૯૮૬૬

૯૮૨૪૦ ૩૩૭૧૮

(ઓરેન્જી કાઉન્ટર)

## મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવાં વાહકજન્ય રોગોથી બચવા આટલું કરીએ.

- મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે. આ રોગના મચ્છરો ચોખ્ખા બંધિયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
- પક્ષીકુંજ, ફુલદાની, કુંડા, કુલર, ફીઝની ટ્રે માં ડેન્ગ્યુ તથા ચિકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાડિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવું.
- તમામ વસાહત, શાળાઓ, દવાખાના તેમજ તમામ કચેરીઓના ધાબા ઉપર, કન્સ્ટ્રકશન સાઈટ તેમજ કેમ્પસમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તથા પાણીની ટાંકી હવાચુસ્ત રીતે બંધ રહે તે જોવું. ધાબા ઉપરની નકામી ચીજવસ્તુઓ તાત્કાલિક દુર કરવી.
- કન્સ્ટ્રકશન સાઈટમાં પાણીનો ભરાવો થાય ત્યાં નિયમિત ધોરણે બળેલું ઓઈલ છંટકાવ કરાવવો. મેલેરિયા માટે સ્ક્રીનીંગ થાય તેમજ સારવારની વ્યવસ્થા પુરી પાડવી. શ્રમિકોની વસાહતમાં ફોગીંગની વ્યવસ્થા કરાવવી.
- ઘરની આસપાસ કે છત ઉપર પડેલ નકામા ટાયરોનો નાશ કરવો.



મચ્છરથી ફેલાતા રોગો ને સૌ સાથે મળી દુર કરીએ.

**મચ્છરની ઉત્પતિ અટકાવવા ખાડા ખાબોચિયા પૂરી દો, ભરાઈ રહેલ પાણી વહેતું કરો.**

આરોગ્ય તંત્ર ગાંધીનગર દ્વારા પ્રકાશિત

**STATE BANK OF MYSORE**

Head Office: Kempe Gowda Road
Bangalore 560 254

**TENDER NOTICE**

COMMERCIAL PREMISES REQUIRED ON RENTAL BASIS FOR OPENING NEW BRANCHES

| Place | Location | Carpet Area required |
|---|---|---|
| Gandhi Nagar | Sector 21/ CH Road / G Road | 1500 - 1700 sq ft (approx) |

For details please log on to **www.statebankofmysore.co.in** under "TENDERS" and download all the details / requirements of the Bank. Please submit separate offers to the Assistant General Manager, Sate Bank of Mysore, Ahmedabad Branch, Shitiratna Buildings, Panchvati, Off C G Road, Ambavadi, Ahmedabad 380006 on or before 5.00 PM on 05.08.2013 (Phone: 079-26563725, 26400455)

Place : Mumbai
Date : 29.07.2013

Sd/-
Deputy General Manager
Mumbai Region
Phone: 079-26563725, 9879552830

**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬

ગુજરાત સરકારમાં 100% ગેરંટીથી...
Dy.S.P./ DC / મામલતદાર / SO / TDO (વર્ગ 1/2)ની નોકરી મેળવો !

GPSC (વર્ગ 1/2) Dy.S.P. / DC / મામલતદાર / SO / TDO / DR

1350+ સંભવિત જગ્યાઓ

નવી પરીક્ષા પદ્ધતિ મુજબનું સંપૂર્ણ શિક્ષણ

બ્રિલિયન્ટ બેચ-2014

Ph.D. કક્ષાના 19 વર્ષના અનુભવી પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ...

કોઈપણ સ્ટેજે નાપાસ થવાથી ફી* 100% પરતની લેખિત ખાતરી સાથે !

| | | |
|---|---|---|
| 16.8.2013 | 7:30 થી 9:30 | સોમ થી શુક્ર |
| 06.9.2013 | 7:00 થી 9:00 | સોમ થી શુક્ર |

પહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ

FREE

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર - 9537614606, 9537548886

મહેસાણા - 9537614607

TCCI Education Pvt. Ltd.નું વર્ષ : 2006-07

100% પરતની ગેરંટેડ બેચ, નિષ્ફળતા સામે ફી* 100% પરતની લેખિત ખાતરી

ઈકોનોમિક બેચ-2013

GPSC ફી માત્ર ₹ 16,000/- (F) ₹ 18,000/- (M)

ક્લાર્ક/તલાટી (વર્ગ-3) માસ્ટર કોર્ષ ફી માત્ર ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)

PSI 500 જગ્યાઓ ફી માત્ર ₹ 18,000/-

કોન્સ્ટેબલ 4500 જગ્યાઓ ફી માત્ર ₹ 11,000/-

ગુજરાત સરકારમાં ટૂંક સમયમાં ભરતી...!